SYNOPSIS

“સુશ્રી કુન્દનિકા કાપડીઆનું વાઙ્મય એક અભ્યાસ”

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની
વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
પીએચ.ડી. ની પદવી માટે રજૂ થનાર
શોધનિબંધની રૂપરેખા

[Synopsis]

અધ્યેત્રી
ઉષાબેન ટી. ચૌધરી
(રજીસ્ટ્રેશન નં.૨૬૪૯ તા. ૧૪-૦૩-૨૦૧૨)

: માર્ગદર્શક :
પ્રા. ડૉ. રેખાબેન ટી. ભટ્ટ
અધ્યક્ષા
ગુજરાતી વિભાગ
એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત.

જાન્યુઆરી-૨૦૧૪

પ્રસ્તાવના :-

શૈશવકાળથી જ ગુજરાતી સાહિત્ય પ્રત્યે મને વિશેષ પ્રેમ અને આકર્ષણ રહ્યું છે. બાળપણથી જ વાંચનનો શોખ હોવાને કારણે 'પંચતંત્રની વાર્તા', 'હિતોપદેશની વાર્તા', 'પૌરાણિક કથાઓ', 'ધાર્મિક કથાઓ' અને બોધકથાઓ વાંચવી ખૂબ રસપ્રદ લાગતી. અભ્યાસકાળ દરમ્યાન ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ મારા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

ઈ.સ. ૧૯૯૫ માં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતની જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી, સુરતમાં બી.એ. નો અભ્યાસ પૂર્ણ કર્યો. ઈ.સ. ૧૯૯૭ માં એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરતમાં એમ.એ. નો અભ્યાસ પૂર્ણ કર્યો. આમ બી.એ. અને એમ.એ. કક્ષાના અભ્યાસ દરમ્યાન શ્રી ચૂનીલાલ મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ, શ્રી ઝવેરચંદ મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર', શ્રી ઈલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના', શ્રી ચંદ્રકાન્ત બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ અને અન્ય લેખકોના સાહિત્યનો અભ્યાસ કર્યો. આ સમય દરમ્યાન ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યે રસ, અભિરુચિ અને અભિમુખતા પાંગરી હતી. અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ થતાં મેં એમ.ફિલના અભ્યાસ માટે કદમ માંડયા ત્યાં આદરણીય પ્રા. ડૉ. રેખાબેન ભટ્ટનો સંપર્ક થયો. એમના માર્ગદર્શન હેઠળ ઈ.સ. ૨૦૦૦ માં એમ.ફિલનો અભ્યાસ પૂર્ણ કર્યો. ઈ.સ. ૨૦૦૧ માં એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં બી.એડ.નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ શાળામાં શિક્ષણકાર્ય શરૂ કર્યું. આ સમય દરમ્યાન મારા મનમાં એવો ભાવ સતત હતો કે શ્રી કુન્દનિકા કાપડીઆની સર્જનયાત્રા ઉપર મહાશોધનિબંધ લખી એમના સાહિત્ય સર્જન વિશે તલસ્પર્શી અભ્યાસ

કરવો જોઈએ. મારી જિજ્ઞાસા એમની નવલકથા અને ટૂંકીવાર્તામાં મનુષ્યજીવનને અને તેમાં ખાસ કરીને નારીજીવનને જાણવા-માણવા અને તપાસવાની રહી છે. અત્યાર સુધી સાહિત્યકારો અને ભાવકો સમક્ષ શ્રી કુન્દનિકા કાપડીઆની અતિવિખ્યાત અને ચર્ચાસ્પદ નવલકથા 'સાત પગલાં આકાશમાં' નો જ વિશેષ પ્રભાવ પડયો પરંતુ એમનું અન્ય સાહિત્યસર્જન પણ એટલું જ વિશેષ મહત્ત્વ ધરાવે છે. એટલે જયારે સંશોધનકાર્યનો અવસર પ્રાપ્ત થયો ત્યારે પી.એચ.ડી. ના મહાશોધનિબંધ માટે "સુશ્રી કુન્દનિકા કાપડીઆનું વાઙ્મય એક અભ્યાસ" એ શીર્ષક હેઠળ સંશોધન કરી સાહિત્યજગત સમક્ષ સાહિત્યપ્રેમીઓ વચ્ચે તેમની સર્જનયાત્રા કેટલી સત્ત્વશાળી અને મૂલ્યવાન છે તે દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જેમાં મને મારા માર્ગદર્શક શ્રી પ્રા. ડૉ. રેખાબેન ભટ્ટ તરફથી સહર્ષ મંજુરી મળી તે બદલ હું તેમની ઋણી છું.

ગુજરાતી સાહિત્યના ગદ્યપ્રકારોનું વિપુલ પ્રમાણમાં ખેડાણ થયું છે. અર્વાચીન સાહિત્યથી આરંભ કરીને આજપર્યંત તેમાં પુષ્કળ વૈવિધ્ય અને વિપુલતા જોવા મળી છે. સમયના પ્રવાહ સાથે ગુજરાતી નવલકથા પરિવર્તનો કે સ્થિત્યંતરો પણ વળાંક લેતાં અને આગળ વધતાં રહ્યાં છે તેમાં અનેક નવલકથાઓ સર્જકોની કલમે સર્જન પામી છે. સ્વાતંત્ર્યોત્તર સમયગાળામાં શ્રી કુન્દનિકા કાપડીઆ, શ્રી ધીરુબેન પટેલ, શ્રી સરોજ પાઠક, શ્રી વસુબેન ભટ્ટ, શ્રી વર્ષાબેન અડાલજા, શ્રી હિમાંશી શેલત વગેરે અનેક સ્ત્રી લેખિકાઓએ ટૂંકીવાર્તા, નવલકથા, નવલિકા, આદિ વિવિધ સ્વરૂપોમાં પોતાની કલમ દ્વારા ઉત્તમ પ્રકારનું સર્જન કર્યું છે. એમાંય શ્રી કુન્દનિકા કાપડીઆએ તો ઝનૂનપૂર્વક પ્રતિબદ્ધતા સાથે સ્ત્રીઓની

સમસ્યાઓ અંગે ટૂંકીવાર્તાઓ તેમજ નવલકથાઓ રચી છે. એક જમાનામાં પુરુષપ્રધાન સમાજના હાથે શોષાતી રહેલી નારીએ છેલ્લા ચારેક દશકાઓથી પુરુષ સમોવડી બનવાની ચેષ્ટા કરી છે અને હવે તો નારી ઉત્કર્ષની વાતો જ ચારેબાજુ સંભળાઈ રહી છે. સમગ્ર ભારતીય નારીચેતનાના સ્થિત્યંતરો, વળાંકોનો જીવંત આલેખ અનુભવવાનો મળ્યો એને પણ મારા જીવનને એક મહત્ત્વનો સાક્ષાત્કાર ગણું છું. સંશોધનકાર્ય દરમ્યાન ભારતીય નારીને શ્રી કુન્દનિકા કાપડીઆની નજરે જોતા સમાજમાં એક નારી તરીકે હું શકયતાઓ, સંભાવનાઓનો તાગ મેળવી શકી છું. એથી વિશેષ મારું પ્રાપ્તવ્ય બીજું કયું હોઈ શકે?

મારા મહાશોધનિબંધને મેં નીચે પ્રમાણેના પ્રકરણોમાં વિભાજીત કર્યો છે.

પ્રકરણ-૧ : શ્રી કુન્દનિકા કાપડીઆનું જીવન અને કવન

પ્રકરણ-૨ : શ્રી કુન્દનિકા કાપડીઆની નવલકથાઓનો અભ્યાસ

પ્રકરણ-૩ : શ્રી કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓનો અભ્યાસ

પ્રકરણ-૪ : શ્રી કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓનો અભ્યાસ

પ્રકરણ-૫ : શ્રી કુન્દનિકા કાપડીઆની પ્રકીર્ણ કૃતિઓનો અભ્યાસ

પ્રકરણ-૬ : ઉપસંહાર

પ્રકરણ-૧

શ્રી કુન્દનિકા કાપડીઆનું જીવન અને કવન

શ્રી કુન્દનિકા કાપડીઆનો જન્મ તા. ૧૧-૦૧-૧૯૨૭ ના રોજ લીંમડી ગામમાં થયો હતો. અગ્રણી ગુજરાતી વાર્તાકાર. પિતાનું નામ નરોત્તમદાસ. પતિ મકરંદ દવે. ઉપનામ 'સ્નેહધન' વાર્તા, નવલકથા અને નિબંધક્ષેત્રે અર્પણ. વ્યવસાયે પત્રકાર અને લેખનકાર્ય. સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર તેમને ઈ.સ. ૧૯૮૫ માં પ્રાપ્ત થયો.

તેમનું રસક્ષેત્ર વૈવિધ્યપૂર્ણ રહ્યું છે. જીવન અને જગત પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ અપાર વિસ્મ્યોથી ભરેલો છે. શેક્સપિયર અને ઈબ્સન જેવા વિદેશી નાટ્યકારો અને શરદચંદ્ર તેમજ રવીન્દ્રનાથ ટાગોર જેવા બંગાળી લેખકો ઉપરાંત ધૂમકેતુ જેવા ગુજરાતી લેખકો તેમની રસ-રુચિને અનેકશઃ સંકોરતા રહ્યા છે. તેથી સ્વભાવિક રીતે તેમના લેખન ઉપર તેઓનો પ્રભાવ વિસ્તરતો જણાય છે. તેમની વાર્તાઓમાં માનવસંવેદનાના કોઈક ને કોઈક અંશને હૃદયસ્પર્શી રીતે ઉઠાવ મળતો જણાય છે. પ્રેમ, પ્રકૃતિ, સંગીત અને ચિંતન જેવા તત્ત્વો તેમની વાર્તાઓમાં એક યા બીજી રીતે બળ પૂરાં પાડતાં રહે છે. તેમના પાત્રો લાગણીશીલ છે. તેમનું કવન સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં આગવી ઓળખ ઉભી કરે છે.

કવન :-

શ્રી કુન્દનિકા કાપડીઆએ ઈ.સ. ૧૯૫૪ માં પ્રથમ વાર્તાસંગ્રહ "પ્રેમનાં આંસુ", ઈ.સ. ૧૯૬૭ માં "વધુને વધુ સુંદર" - વાર્તાસંગ્રહ, ઈ.સ. ૧૯૬૮ માં "પરોઢ થતાં પહેલાં"- નવલકથા, ઈ.સ. ૧૯૬૮ માં

"અગનપિપાસા"- નવલકથા, ઈ.સ. ૧૯૭૮ માં "કાગળની હોડી" - વાર્તાસંગ્રહ, ઈ.સ. ૧૯૮૩ માં "જવા દઈશું તમને" - વાર્તાસંગ્રહ, ઈ.સ. ૧૯૮૪ માં "સાત પગલાં આકાશમાં" - નવલકથા, ઈ.સ. ૧૯૯૦ માં "મનુષ્ય થવું" - વાર્તાસંગ્રહ વગેરે રચનાઓ આપી છે. આ ઉપરાંત તેમની પ્રકીર્ણ કૃતિઓ છે. ઈ.સ. ૧૯૮૨ માં "પરમ સમીપે" - પ્રાર્થના સંકલન, ઈ.સ. ૧૯૮૫ માં "હિમાલયના સિધ્ધયોગી" - અનુવાદ, ઈ.સ. ૧૯૭૭ (શક- ૧૮૮૯) માં "પૂર્ણકુંભ" - પ્રવાસકથા - અનુવાદ 'જીવન એક ખેલ'- લેખસંગ્રહ, ઈ.સ. ૨૦૧૧, ઈ.સ. ૧૯૮૮ 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ' - લેખસંગ્રહ આપ્યા છે.

પ્રકરણ-૨

શ્રી કુન્દનિકા કાપડીઆની નવલથાઓનો અભ્યાસ

આ પ્રકરણમાં શ્રી કુન્દનિકા કાપડીઆની ત્રણ નવલકથાઓ અનુક્રમે 'પરોઢ થતાં પહેલાં', 'અગનપિપાસા', અને 'સાત પગલાં આકાશમાં' નો અભ્યાસ કર્યો છે. શ્રી કુન્દનિકા કાપડીઆની ત્રણ નવલકથાઓ પૈકી પ્રથમ નવલકથા 'પરોઢ થતાં પહેલાં' ઈ.સ. ૧૯૬૮ માં પ્રગટ થઈ. આ નવલકથાની નાયિકા ડૉ. સુનંદા એટલે વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવતી, અત્યંત સંવેદનશીલ અને સઘળાં દુઃખોથી પીડિત વ્યકિત. તેનું જીવન એક તીવ્ર આઘાતથી છિન્નભિન્ન થઈ જાય છે. તે જગતમાં સંસારમાં પ્રાણપ્રિય એવા પતિ દેવદાસ દ્વારા લગ્નજીવનના એક જ વર્ષમાં વિશ્વાસઘાતનો ભોગ બને છે. આ નવલકથામાં લેખિકાએ પ્રણયકથાના સંદર્ભે મનુષ્યજીવનમાં આવતાં આધિ, વ્યાધિ અને ઉપાધિ એમ સર્વ પ્રકારનાં દુઃખ, દર્દનું

આલેખન કરી તેમાંથી વ્યકિત કઈ રીતે પરોઢના આશાકિરણ તરફ ગતિ કરે છે તેનું આલેખન કર્યું છે. બીજી નવલકથા 'અગનપિપાસા' ઈ.સ. ૧૯૭૨ માં પ્રગટ થઈ. માણસની અંદરના અગ્નિમય કામના પુરુષનું મૃત્યુ થાય ત્યારે વૈદિક મંત્ર જેને 'અકામો' 'ધીરો રસેન તૃપ્ત' કહે છે તે આત્મા પુરુષનો જન્મ થાય છે. એને માટે પછી સર્વત્ર જીવનનો જન્મ થાય છે. "અગનપિપાસા" એ મર્મ માટેની તરસ લઈને મનોમય આકારોની આગમાંથી પસાર થઈ અને છેવટ મૂળને પામતા જીવનની કથા છે. બુદ્ધિ કરતાં હૃદય પરની આસ્થા વધુ પ્રગટ કરીને નવો દૃષ્ટિકોણ પ્રગટ કરતી કથા છે. સનાતન તત્ત્વો તેમાં ભળેલા છે. એટલે આ પ્રણયકથામાં કેવળ આગ નથી પ્રકાશ પણ છે. ત્રીજી નવલકથા 'સાત પગલાં આકાશમાં' ઈ.સ. ૧૯૮૪ માં પ્રગટ થઈ. આ નવલકથા દ્વારા જાણે શ્રી કુન્દનિકા કાપડીઆએ સૌને ધ્યાન ખેંચવાની ફરજ પાડી. ગુજરાતી સાહિત્યમાં તેઓ વધુ વિખ્યાત બન્યા, 'સાત પગલાં આકાશમાં' ની લેખિકા તરીકે આ કૃતિને દિલ્હીનું પારિતોષિક ઈ.સ. ૧૯૮૫ માં પ્રાપ્ત થયું. આ કૃતિ માત્ર નવલકથા સાહિત્યમાં જ નહિ નારી જીવનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમસ્યાઓના નિરૂપણમાં એ સમસ્યાઓમાં સમાધાનના સંદર્ભમાં એક સીમાચિહ્ન બની રહી છે. લેખિકાએ કૃતિના આરંભ પૂર્વેની ભૂમિકાને શીર્ષક આપ્યું છે : સ્ત્રીની યાત્રા. કારાગારથી કૈલાસ સુધી. તેની નીચે એક વિધાન ટાંકયું છે.

"દુનિયામાં બધા જ અસમાન છે પણ

સ્ત્રીઓ

વધુ અસમાન છે."

તેમણે સ્વયં સ્વીકાર્યું છે. નવલકથામાં આલેખાયેલી મોટા ભાગની પરિસ્થિતિ પાછળ સત્ય ઘટનાઓનો આધાર છે અને એ રીતે એ લગભગ દસ્તાવેજી કથા છે. 'સાત પગલાં આકાશમાં' નવલકથાના શીર્ષકમાં સમાહિત 'આકાશ' શબ્દ દ્વારા લગ્નમાં મુક્તિની ભાવનાને શબ્દાંકિત કરી છે. તેમણે સ્વયં પ્રસ્તાવનામાં કહ્યું છે. લગ્ન પછીની સ્ત્રીની યાત્રા સ્વતંત્ર હસ્તીના વિલોપનની યાત્રા છે.

પ્રકરણ-૩

શ્રી કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓનો અભ્યાસ

આ પ્રકરણમાં શ્રી કુન્દનિકા કાપડીઆનો ઈ.સ. ૧૯૫૪ માં પ્રગટ થયેલ વાર્તાસંગ્રહ "પ્રેમનાં આંસુ" અને ઈ.સ. ૧૯૬૭ માં પ્રગટ થયેલ "વધુ ને વધુ સુંદર" ની વાર્તાઓનો અભ્યાસ કર્યો છે. 'પ્રેમનાં આંસુ' તેમની પ્રથમ વાર્તા છે. તેથી સંગ્રહનું નામ પણ "પ્રેમનાં આંસુ" છે. વિશ્વવાર્તા સ્પર્ધામાં પુરસ્કૃત પામેલી વાર્તા 'પ્રેમનાં આંસુ' છે. આ સંગ્રહની વાર્તાઓમાં માનવી જીવનમાં હર્ષ, શોક, પ્રેમ, નફરત, દુઃખ અને સુખની લાગણી અનુભવે છે. ત્યારે તેની આંખમાંથી આંસુ આવે છે પરંતુ આ જ મનુષ્યના જીવનમાં કેટલીકવાર આનંદ કે સુખનો પાર ન હોય ત્યારે હર્ષના અર્થાત્ પ્રેમનાં આંસુ આવે છે. જે આ વાર્તાસંગ્રહની વાર્તાઓમાં દર્શાવવામાં આવ્યું છે. તેમનો બીજો વાર્તાસંગ્રહ 'વધુ ને વધુ સુંદર' ઈ.સ. ૧૯૬૭ માં પ્રગટ થયો. 'વધુ ને વધુ સુંદર' એટલે જૂના લોકોએ નવા લોકોના જીવન પર બોજ નહીં નાખવો જોઈએ. વાસ્તવમાં માત્ર વાત્સલ્યની છાયા જ પાથરવી જોઈએ. દરેક પેઢીએ જીવન વધુ ને

વધુ સુંદર બનવું જોઈએ. એ જ એની ગતિ છે. વિશ્વઆત્માનો આ નિગૂઢ સત્ય સંકલ્પ જાગૃત થવો જોઈએ. ક્રિયાવાન થઈ પૂર્ણ થવો જોઈએ એ જ વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ વાર્તાઓનો નૂતન સંદેશ છે.

પ્રકરણ-૪

શ્રી કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓનો અભ્યાસ

આ પ્રકરણમાં શ્રી કુન્દનિકા કાપડીઆનો ઈ.સ. ૧૯૭૮ માં પ્રગટ થયેલ વાર્તાસંગ્રહ 'કાગળની હોડી', ઈ.સ. ૧૯૮૩ માં પ્રગટ થયેલ વાર્તાસંગ્રહ 'જવા દઈશું તમને' અને ઈ.સ. ૧૯૯૦ માં પ્રગટ થયેલ 'મનુષ્ય થવું' ની વાર્તાઓનો અભ્યાસ કર્યો છે. 'કાગળની હોડી' આ સંગ્રહની બધી વાર્તાઓનું ભરતકામ ઉકેલી જોવાનો અહીં આશય નથી પણ વસ્ત્રનું પોત અને રંગીન દોરાને વધુ બારીક નજરે જોવાનો પ્રયાસ છે. દરેક મનુષ્યના જીવનમાં આવા સુંદર તોરણ દ્વારે લોખંડી તાળાની જેમ લટકે છે. એ તમામની ચાવીઓનો ઝૂડો આ વાર્તાઓની કમરે ઝૂલતો નથી પણ હરએક સમસ્યા સામે આંખ ઉઘાડી રાખી સ્થિર નજરે જોવાનું બળ તો એ આપે છે. કોઈ અહીં ઢળી પડયું, કઈ અણદીઠી પ્યાસને કારણે કોઈ આગળ વધ્યું, કયા પાતાળઝરણાને પોતાનામાંથી બહાર કાઢીએ. કાગળની હોડીમાં તો મુસાફરી ન થઈ શકે પણ જેણે મુસાફરી કરવી છે તેને તો એક કાગળમાંથી પણ દિશાસૂઝ પ્રાપ્ત થઈ શકે. દરેકે પોતાના પ્રયત્નો જીવનમાં સાર્થ કરવા જોઈએ. એવો સંદેશો આ વાર્તાસંગ્રહની વાર્તાઓનો છે. વાર્તાસંગ્રહ 'જવા દઈશું તમને' માં ભારતીય સમાજમાં વૃદ્ધ સ્ત્રી-પુરુષોની સામાજિક અને પારિવારિક સમસ્યાઓને આલેખવામાં આવી છે. સાંપ્રતકાળમાં પારિવારિક ભાવના અને વડીલો

પ્રત્યેના આદરભાવમાં ઓટ આવેલી જોઈ શકાય છે. સંબંધોમાં ઉપયોગીતાવાદ અને સ્વાર્થવૃત્તિએ સ્થાન જમાવ્યું છે. કુટુંબીજનોના પરસ્પરના વ્યવહાર-વર્તનમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. આ પ્રકારના સામાજિક અને પારિવારિક બદલાવનું પ્રતિબિંબ લેખિકાની 'જવા દઈશું તમને' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં દર્શાવવામાં આવ્યું છે. આ વાર્તાઓમાં માનવમન અને સંબંધોની વાત, મૃત્યુની વાત અને મૃત્યુની ક્ષણોમાં જન્મતા પ્રેમની વાત છે. પાંચમો વાર્તાસંગ્રહ 'મનુષ્ય થવું' ઈ.સ. ૧૯૯૦ માં પ્રગટ થયો. આધુનિક યુગમાં ચારેબાજુ ઊભરાતા માનવ કીડીયારા વચ્ચોવચ માણસ એકલતા અનુભવે છે. ઘરમાં સંસારની તમામ પ્રકારની સુખ સમૃદ્ધિ હોવા છતાં તે શાંતિ અનુભવી શકતો નથી. ધનિકો સામાન્ય વ્યકિત સાથે ઘનિષ્ઠ સંબંધો કેળવતા નથી અને ઊંચનીચના ભેદભાવો રાખે છે. 'મનુષ્ય થવું' એટલે મનુષ્ય બનવા માટે કશુંક કરવું પડે છે. એ શું કરવું પડે એની કળાત્મક ઝાંખી આ સંગ્રહની વાર્તાઓમાં કરાવવામાં આવી છે.

પ્રકરણ-૫

શ્રી કુન્દનિકા કાપડીઆની પ્રકીર્ણ કૃતિઓનો અભ્યાસ

શ્રી કુન્દનિકા કાપડીઆની પ્રતિભાનો સ્પર્શ જેટલો નવલકથા અને ટૂંકીવાર્તાઓને થયો છે, જે ઊંચા શિખર તેમણે સર કર્યા છે તેટલું મહત્ત્વનું અને મૂલ્યવાન અર્પણ પ્રકીર્ણ કૃતિઓ ક્ષેત્રે ન હોવા છતાં એમના આ ક્ષેત્રના પ્રદાનની નોંધ લીધા વિના અભ્યાસ અપૂર્ણ ગણાય. તેથી પ્રકરણ પાંચમામાં પ્રકીર્ણ કૃતિઓનો પણ મેં અભ્યાસ કર્યો છે.

"પરમ સમીપે" - પ્રાર્થના સંકલન ઈ.સ. ૧૯૮૨ માં પ્રગટ થયો. જેમાં મનુષ્યના જીવનમાં પ્રાર્થનાનું બળ કેટલું મહત્ત્વ ધરાવે છે તે બાબત દર્શાવવામાં આવી છે. 'પરમ સમીપે' તેમનું લોકપ્રિય પુસ્તક છે.

'હિમાલયના સિદ્ધયોગી' ઈ.સ. ૧૯૮૫ માં પ્રગટ થઈ. શ્રી કુન્દનિકા કાપડીઆએ સ્વામી રામના આધ્યાત્મિક અનુભવોનો અનુવાદ કર્યો છે.

'પૂર્ણકુંભ' પ્રવાસકથા (રાણીચંદ) ઈ.સ. ૧૯૭૭ (શક- ૧૮૮૯) માં પ્રગટ થયો. શ્રીમતી રાણીચંદનું 'પૂર્ણકુંભ' હિમાલયની બીજી ઘરેલુ છબી છે. રવીન્દ્રનાથે તેમની સ્નેહપાત્રીને વૃદ્ધાવસ્થામાં અશકત થઈ ગયેલા અવનીન્દ્રનાથના મોંએથી વાતો સાંભળીને લખી લેવાનું કામ સોપ્યું હતું. બંગાળી લેખિકા રાણીચંદે રોજ રોજ મુખની કથા દ્વારા સર્વજનવતી ધ્યાનપૂર્વક તે બધું ઝીલી લીધું, નહીં તો એ અમૂલ્ય સ્મૃતિકથા કાયમને માટે લુપ્ત થઈ જાત. આવી અમૂલ્ય કથા 'પૂર્ણકુંભ'નો અનુવાદ શ્રી કુન્દનિકા કાપડીઆએ કરી ગુજરાતી સાહિત્યને મહાન ભેટ ધરી છે. તેથી તેમનું મૂલ્ય ઓછું આંકી શકાય નહીં. ઈ.સ. ૧૯૮૮ માં 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ' લેખસંગ્રહ પ્રગટ થયો. આ સંગ્રહમાં લેખિકાએ ભાવપૂર્ણનિબંધો આપ્યા છે. પ્રકૃતિ પંડ અને બ્રહ્માંડમાંથી સાચવી લીધેલી કેટલીક ક્ષણોને અહીં આલેખવામાં આવી છે "જીવન એક ખેલ" – લેખસંગ્રહ ડીસેમ્બર-૨૦૧૧ માં પ્રગટ થયો. પરાજય, હતાશા, નિષ્ફળતા, ભય, અકિંચતતાની પરિસ્થિતિને વૃદ્ધા અને શબ્દશકિતની મદદથી સંપતિ, આનંદ અને ભરપૂરતામાં પલટી નાંખવાનો માર્ગ આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યો છે.

આમ પ્રકીર્ણ કૃતિઓમાં ચિંતન-મનન મંથનશીલ કલાકારનું વ્યકિતત્વ પણ આંખ સામે તરી આવે છે. એમની સર્જન પ્રતિભાનો સ્પર્શ એમની પ્રકીર્ણ કૃતિઓમાં પણ થયો છે અને નવા પરિમાણો ઘડયા છે તે આનંદજનક ઘટના છે.

પ્રકરણ-૬

ઉપસંહાર

આ પ્રકરણમાં શ્રી કુન્દનિકા કાપડીઆએ નવલકથાકાર અને વાર્તાકાર તરીકે જયાં જયાં વિશેષતા દર્શાવી છે તેનું આલેખન કરવાનો પ્રયાસ કર્યો છે. લેખિકાએ મુખ્યત્વે સમાજ અને કુટુંબના ક્ષેત્રે માનવીઓની વિટંબણાઓને, પ્રણયકથાઓને, સમસ્યાઓને નવલકથાના વિષય તરીકે પસંદ કર્યા છે. તેમની નવલકથાઓનો સંદર્ભ સામાજિક છે એ મહત્ત્વનો મુદ્દો છે. વ્યવસાય અને કલાના ક્ષેત્રે કામ કરનાર શિક્ષિત નારીની મુકિત માટે તેમણે એક એવી સંસ્થાના સર્જનની રચના કરી છે. જયાં સ્વતંત્રતા મનુષ્યના વિકાસની પૂરક હોય છે. નારીમુકિત યાત્રાનો માર્ગ અને મંઝિલ શ્રી કુન્દનિકા કાપડીઆ કંડારી આપે છે. વર્ષોનો અભ્યાસ અને સર્વે પરથી સ્ત્રીની વ્યાપક વેદનાને વ્યકત કરવા મર્મસ્પર્શી કથાનું માળખું રચવું એ પણ એક પ્રયોગ છે. દસ્તાવેજી સામગ્રીનું કવિતામાં ભલે મૂલ્ય ન હોય પણ નવલકથામાં તેનું મૂલ્ય રહેલું છે. સ્થૂળ સામગ્રીમાંથી શુષ્ક સરવૈયું તૈયાર કરવાને બદલે જીવનનું સત્ય સુંદર રીતે વ્યકત કરવાનું કામ છે. આ મુશ્કેલ કાર્ય હાથમાં લેવા બદલ શ્રી રમણલાલ વ. દેસાઈ અને શ્રી ઈશ્વર પેટલીકરે અભિનંદન આપી 'સાત પગલાં આકાશમાં' નવલકથાના સંદર્ભમાં તેમને સૂચન કર્યું છે કે હવે

પછી તેઓ સમાજના નીચલા વર્ગની સ્ત્રીઓ વિશે કથા સ્વરૂપ આપે. નારીવાદી જેહાદનું સ્વપ્ન શ્રી કુન્દનિકા કાપડીઆ 'સાત પગલાં આકાશમાં' નવલકથા દ્વારા સાકાર કરે છે. નારીની સમસ્યાને વાચા આપીને તેને સમાજ સુધી પહોંચાડવા માટે સાહિત્યનો સાધન તરીકે ઉપયોગ કરવાનું ધ્યેય સિદ્ધ થયો છે. તેઓ નારીવાદી આંદોલનના પ્રણેતા અને પુરસ્કર્તા છે. આ નવલકથાથી ગુજરાતી સાહિત્યમાં તેઓ અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે એટલું જ નહિ એક મહિલા નવલકથાકાર તરીકે પણ એમને સાહિત્યમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. શ્રી કુન્દનિકા કાપડીઆ કબુલે છે કે એમની વાર્તામાં જીવાતા જીવનની ઝીલેલી પ્રતિચ્છબિ છે. તેથી એમના મનમાં પરંપરા કે પ્રયોગશીલતા, ફોર્મની સભાનતા જેવા પ્રશ્નો વાર્તાલેખનમાં કદી જાગ્યા નથી. આધુનિક વાર્તાકારોની જેમ આ લેખિકા ઘટનાતત્વના લોપમાં કે હ્રાસમાં માનતા નથી. ભાષાકર્મ, સંયોજન, ટેકનિક પરત્વે આધુનિક વાર્તાકારોનો વિશિષ્ટ મનોવૈજ્ઞાનિક અભિગમ પણ તેઓ વાર્તાલેખનમાં રાખતા નથી. શ્રી કુન્દનિકા કાપડીઆ ગાંધીયુગ અને અનુગાંધીયુગના વાર્તાકારોની જેમ જીવનલક્ષી, હેતુલક્ષી દૃષ્ટિકોણ ધરાવે છે. તેમના જુદા જુદા વાર્તાસંગ્રહોની વાર્તાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે આ વાર્તાઓમાં જીવાતા જીવનની ઝીલેલી પ્રતિચ્છબિ છે. એમની વાર્તાકલા જીવનની શોધયાત્રા છે. એ શોધયાત્રા દરમ્યાન જાગેલી એમની અનુભૂતિઓ આ વાર્તાઓમાં વ્યકિત, સામાજિક અને વૈશ્વિક ભૂમિકાએ વિસ્તરે છે. એમની 'ઝરણું', 'સૂરજ ઉગશે', 'તો', 'જવા દઈશું તમને', 'કોઈક દિવસે' જેવી કેટલીક વાર્તાઓ ગુજરાતી વાર્તાસાહિત્યમાં સુપેરે પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ અને અનુગાંધીયુગની

પરંપરાને જાળવી રાખનાર શ્રી કુન્દનિકા કાપડીઆનું પ્રદાન મહત્વનું બની રહે છે.

અંતે પરિશિષ્ટમાં સમગ્ર સંદર્ભ સાહિત્યનો ઉલ્લેખ કરીને શોધનિબંધનું સમાપન કરેલ છે.

અસ્તુ.....

સ્થળ : સુરત.

તા.

અધ્યેત્રી
ઉષાબેન ટી. ચૌધરી
માર્ગદર્શક

પ્રા. ડૉ. રેખાબેન ટી. ભટ્ટ
અધ્યક્ષા
ગુજરાતી વિભાગ
એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત.
જાન્યુઆરી-૨૦૧૪